| | |
|---|---|
| PUBLICATION NAME : | NavGujarat Samay |
| EDITION : | Ahmedabad |
| DATE : | 06/07/2022 |
| PAGE : | 12 |



### 2027 સુધીમાં વાપી-અમદાવાદ સુધી બૂલેટ ટ્રેન દોડશે

# રૂ.3800 કરોડના ખર્ચે અમદાવાદ સહિત 17 રેલવે સ્ટેશન વિકસાવાશે

» ઈડીઆઈઆઈ ખાતે વિદ્યાર્થીઓ અને યુવા આંત્રપ્રિન્યોર્સ સાથે સંવાદ કરતાં કેન્દ્રીય રેલવે-આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ



નવગુજરાત સમય > ગાંધીનગર

રેલવે મુસાફરોને સલામતી અને સ્વચ્છતાની સાથે વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશનની સુવિધા આપવા માટે સરકારે કરોડો રૂપિયાના આયોજન કર્યા છે. કેન્દ્રીય રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં અદ્યતન રેલવે સ્ટેશનનું નિર્માણ માત્ર શરૂઆત છે. આગામીસમયમાં ગુજરાતના 17 રેલવે સ્ટેશનને વિકસાવવાનું આયોજન છે. જે પૈકી માત્ર અમદાવાદમાં મેગા રેલવે સ્ટેશન બનાવવા માટે રૂ.3800 કરોડના ખર્ચનો અંદાજ છે.

ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨ અંતર્ગત કેન્દ્રીય રેલવે, ઈલેક્ટ્રોનિક એન્ડ આઈ.ટી. મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઈડીઆઈઆઈ-એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે દેશની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે વિવિધ યુનિવર્સિટીઓ અને ઈન્ક્યુબેશન સેન્ટર્સમાંથી ઉપસ્થિત આશાસ્પદ સ્ટાર્ટઅપ્સ, ઉદ્યમીઓ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજાયો હતો. મંત્રીએ વિવિધ ક્ષેત્રોમાંથી પસંદ કરાયેલા પાંચ સ્ટાર્ટઅપ્સનું સન્માન કર્યું હતું. સ્ટાર્ટ અપ એટલે કોઈ પણ વ્યવસાય શરૂ કરવો નહીં, પરંતુ સમસ્યાનો ઉકેલ લાવવામાં સ્ટાર્ટ અપની સાર્થકતા છે. રેલવેને અદ્યતન-સલામત બનાવવામાં સ્ટાર્ટ અપના યોગદાનનો ઉલ્લેખ કરતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, એક જ ટ્રેક પર સામસામે આવતી બે ટ્રેનોનો અકસ્માત નિવારવા માટે 'કવચ' જેવી સ્વદેશી ટેક્નોલૉજી વિકસાવાઈ છે. ડિફેન્સ સાથે આશરે 100, રેલવેમાં 150થી વધુ, જ્યારે પોસ્ટલ બેંક સાથે 80થી 90 જેટલાં સ્ટાર્ટઅપ્સ જોડાયેલા છે.

રેલવે સુવિધાને બહેતર બનાવવાના આયોજન અંગે તેમણે કહ્યું કે, દેશભરના 360 રેલવે સ્ટેશનોનું વર્લ્ડ ક્લાસ રિડેવલપમેન્ટ કરાશે. પ્રાયોગિક તબક્કે ગાંધીનગર, ભોપાલ અને બેંગલોર રેલવે સ્ટેશનના નવીનીકરણ બાદ તેના અનુભવને આધારે દેશના અન્ય રેલવે સ્ટેશન વિકસાવાશે. ગુજરાતમાં કુલ 17 રેલવે સ્ટેશન વિકસાવવાનું આયોજન છે, જેમાંથી અમદાવાદ ખાતે મેગા રેલવે સ્ટેશનને વિકસાવવા માટે રૂ.3800 કરોડના ખર્ચનો અંદાજ છે. મહારાષ્ટ્રમાં બદલાયેલી રાજકીય પરિસ્થિતિ વચ્ચે બૂલેટ ટ્રેન માટે જમીન સંપાદન સરળ બનવાની અને કામગીરી ઝડપી બનવાની શક્યતાનો આડકતરો સ્વીકાર કરતાં મંત્રી વૈષ્ણવે કહ્યું કે, 2027 સુધીમાં વાપીથી અમદાવાદ સુધી બૂલેટ ટ્રેન દોડતી કરવાનું લક્ષ્ય છે.

## વંદે ભારત 2: 180 કિ.મી.ની ઝડપે ટ્રેન દોડશે

2019ના વર્ષમાં રેલવે દ્વારા વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી હતી. આવી બે ટ્રેન હાલ દોડી રહી છે. આ ટ્રેનની વિશેષતા એ છે કે, તેની ખુરશીઓ રિવોલ્વિંગ ચેરની જેમ ગોળ ફરી શકે છે. જેના કારણે રાઉન્ડ ટેબલ ગોસિપ કે મીટિંગ થઈ શકે છે અને મુસાફરી યાદગાર બની શકે છે. આ ટ્રેન હાલ 120 કિમીની ઝડપે દોડે છે અને હવે સરકારે વંદે ભારત 2ની તૈયારીઓ હાથ ધરી છે. જેમાં 180 કિમીની ઝડપે ટ્રેન દોડાવવાનું આયોજન છે.

## દિવ્યાંગ આંત્રપ્રિન્યોરને સન્માનિત કરવા મંત્રી હોલની બહાર દોડી ગયા

દિવ્યાંગો માટે વ્હીલચેર સ્કૂટરનું સ્ટાર્ટઅપ શરૂ કરનારા જિજ્ઞેશ શાહ નામના દિવ્યાંગ આંત્રપ્રિન્યોર સન્માન સ્વીકારવા માટે સ્ટેજ સુધી પહોંચી શકે તેમ ન હોવાનું કેન્દ્રીય મંત્રી વૈષ્ણવના ધ્યાનમાં ધ્યાને આવતા તેમણે સંવેદનશીલ અભિગમ દાખવી હોલની બહાર દોડી ગયા હતા અને રૂબરૂમાં તેમનું સન્માન કર્યું હતું.

## સુરત, વડોદરા, રાજકોટ સ્ટેશનનું રીડેવલપમેન્ટ

રાજ્યમાં આગામી સમયમાં સુરત, અમદાવાદ, વડોદરા, નવસારી, રાજકોટ, વાપી, ભરૂચ, બિલિમોરા, આણંદ, નડિયાદ, અંકલેશ્વર, ઉધના-સુરત, ગાંધીધામ, પાલનપુર, જામનગર અને ન્યૂ ભૂજ ખાતે અદ્યતન સ્ટેશનનું નિર્માણ થશે.